ક્રમાંક:પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૩/૩૫૨૩-૯૯
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં- ૧૨/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ. રા. ગાંધીનગર. તા. ૨૭/૦૯/૨૦૨૩

**પ્રતિ,**

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

**વિષય:-** અનાથ બાળકોને પાલક માતા-પિતા યોજનાનો લાભ આપવા બાબત.

**સંદર્ભ:-** (૧) સ.ક. અને આ.વિ. વિભાગના ઠ:ક:બીસીએ-૧૦૭૮-૧૭૫૫-છ, તા. ૨૬/૧૨/૧૯૭૮

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંક: અનથ/૧૦૨૦૦૮/ન.બા.૦૧/છ, તા. ૨૯/૦૮/૨૦૦૯

(૩) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંક: અનથ/૧૦૨૦૦૮/ન.બા.૦૧/છ, તા. ૧૮/૧૨/૨૦૦૯

(૪) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંક: જજઅ/૧૦૨૦૧૫/૮૪૧૫૦૫/ન.બા.૦૭/છ, તા. ૨૯/૦૪/૨૦૧૬

(૫) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંક: જજઅ/૧૦૨૦૧૬/૧૭૩૪૨૧/ન.બા./છ, તા. ૦૩/૦૫/૨૦૧૭

(૬) નિયામકશ્રી, સમાજ સુરક્ષાના પત્ર ક્રમાંક: File No.DSD/APA/e-file/226/2023/0023/Children Protection Branch, તા. ૦૪/૦૧/૨૦૨૩

(૭) નિયામકશ્રી, સમાજ સુરક્ષાના પત્ર ક્રમાંક: File No.DSD/APA/e-file/226/2023/0023/Children Protection Branch, તા. ૧૮/૦૩/૨૦૨૩

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ૦ થી ૧૮ વર્ષના અનાથ બાળકો માતા-પિતા વગરના બાળકો, પિતા હયાત ન હોય અને માતાએ બીજા લગ્ન કરેલ હોય તેમજ માતા હયાત ન હોય અને પિતાએ બીજા લગ્ન કરેલ હોય તેવા બાળકોને રાજ્ય સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા પાલક માતા-પિતા યોજના અંતર્ગત માસિક રૂ. ૩૦૦૦/- ની સહાય ૧૮ વર્ષ સુધી મળવાપાત્ર થાય છે, જેથી આપના જિલ્લાની શાળાઓના આવા અનાથ બાળકો આ યોજનાથી વંચિત રહી ન જાય તેમજ ઉપર દર્શાવ્યા મુજબના રાજ્યના તમામ અનાથ બાળકોને આ યોજનાનો લાભ મળે તે બાબતે આપના તાબા હેઠળની તમામ પ્રાથમિક શાળાઓને જરૂરી સૂચના આપવા આથી જણાવવામાં આવે છે.

નાયબ શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ.રા.ગાંધીનગર

Scanned with OKEN Scanner

પાલક માતા–પિતા યોજના હેઠળ સહાય મેળવનાર
લાભાર્થીઓની આવક–મર્યાદા નક્કી કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્ર: અનથ–૧૦૨૦૦૨–૫૩૨–૧૮૨૭(૦૩)છ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: - 1 MAR 2004

વંચાણે લીધા:–

(૧) સ.ક.અને આ.વિ.વિભાગનો ઠ: ક્ર: બીસીએ–૧૦૭૮– ૧૭૫૫–છ તા. ૨૬–૧૨–૭૮
(૨) સા.ન્યા.અનેઅ.વિ.નો તા. ૨–૩–૨૦૦૧ નો ઠ: ક્ર: અનથ–૧૦૨૦૦૧–૫૦૯(૧) છ.૧
(૩) નિયામકશ્રી,સમાજ સુરક્ષા ખાતાનો તા. ૬–૨–૨૦૦૨ નો પત્ર ક્ર: જબક–માતાપિતા યોજના– ૨૦૦૧–૦૨–૨૩

ઠરાવ:–

આમુખમાં ક્ર (૧) આગળ જણાવેલ ઠરાવથી રાજયમાં પાલક માતા–પિતાની યોજના અમલમાં છે. આ યોજનાનો હેતુ મા–બાપ વગરના અનાથ બાળકોને પાલક માતા–પિતાની સાર સંભાળ હેઠળ સોંપી તેઓને ઘરના જેવું વાતાવરણ મેળવી આપવાનો છે. જેથી તેનો સુંદર વિકાસ અને ઘડતર થઈ શકે હાલમાં પાલક માતા–પિતાને આવા અનાથ બાળકોના ઉછેર માટે માસિક રૂા. ૫૦૦/– ની આર્થિક સહાય આપવામાં આવે છે.

પાલક માતા–પિતા યોજના હેઠળ દત્તક–ઉછેરમાં લેનાર દંપતિ–પાલક માતા પિતાનું જીવન ધોરણ સારુ હોયતો તે બાળકનો ઉછેર–ઘડતર સારી રીતે કરી શકે તેવા હેતુથી આ યોજના હેઠળ લઘુતમ આવક –મર્યાદા હોવી જરુરી જણાતા નિયામકશ્રી સમાજ સુરક્ષા ખાતા દવારા આમુખ ક્ર (૩) થી દરખાસ્ત કરવામાં ઓવલ હતી.

પુખ્ત વિચારણાને અંતે સરકારશ્રી દવારા પાલક–માતા–પિતા યોજના હેઠળ અનાથ બાળકોને દત્તક ઉછેરમાં લેનાર પાલક માતા–પિતાની વાર્ષિક લઘુતમ આવક ઓછામાં ઓછી રૂા. ૨૫,૦૦૦/ ( અંકે રુપિયા પચ્ચીસ હજાર) ઠરાવવામાં આવે છે. આથી ઓછી આવકવાળા પાલક માતા–પિતાને બાળક દત્તક ઉછેરમાં આપી શકશે નહીં.

પાલક માતા–પિતા યોજનાની અન્ય શરતો યથાવત રહે છે.

Scanned with OKEN Scanner

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં સલાહકારશ્રીની તા. ૨૭–૧–૦૪ ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નંદકિશોર પટેલ)
ઉપસચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

– માન. મંત્રીશ્રી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી
– નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગુ.રા.ગાંધીનગર.
– પગાર એન હિસાબી અધિકારીશ્રી ગાંધીનગર.
– નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
– નાણાંકીય સલાહકારશ્રી (સા.ન્યા.અ.વિ) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
– સિલેક્ટ ફાઈલ.

Scanned with OKEN Scanner

- નાયબ સચિવશ્રી, ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે કલેક્ટરશ્રીઓ. (મારફતે: નિયામકશ્રી, સમાજ સુરક્ષા)
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી. (મારફતે: નિયામકશ્રી, સમાજ સુરક્ષા)
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતે: નિયામકશ્રી, સમાજ સુરક્ષા)
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ - વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતીસહ.
- સિલેક્ટ ફાઈલ.

Scanned with OKEN Scanner

પાલક માતા પિતા યોજનાના ધારા ધોરણમાં સુધારો કરવા બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

ઠરાવ ક્રમાંક: SJED/NIR/e-file/17/2023/0160/CHH Section

સચિવાલય, ગાંધીનગર.

તા.૪/૦૫/૨૦૨૩

વંચાણેલીધા :-

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંક:અનથ/૧૦૨૦૦૮/ન.બા.૦૧/છ, તા.૨૯/૦૮/૨૦૦૯.

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંક:અનથ ૧૦૨૦૦૮/ન.બા.૦૧/છ, તા.૧૮/૧૨/૨૦૦૯.

(3) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંક:જજઅ/ ૧૦૨૦૧૫/૮૪૧૫૦૫/ન.બા.૦૭/છ, તા.૨૯/૦૪/૨૦૧૬.

(૪) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંક:જજઅ/ ૧૦૨૦૧૬/૧૭૩૪૨૧/ન.બા./છ તા.૦૩/૦૫/૨૦૧૭.

(૫) નિયામકશ્રી, સમાજ સુરક્ષાનો પત્ર ક્રમાંક: File No: DSD/APA/e-file/226/2023/0023/Children Protection Branch, તા.૦૪/૦૧/૨૦૨૩.

(૬) નિયામકશ્રી, સમાજ સુરક્ષાનો પત્ર ક્રમાંક: File No: DSD/APA/e-file/226/2023/0023/Children Protection Branch, તા.૧૮/૦૩/૨૦૨૨૩.

આમુખ :-

વંચાણે લીધા ક્રમાંક (૧) થી પાલક માતા-પિતા યોજના સમગ્ર રાજ્યમાં લાગુ પાડવા માટેના વહીવટી મંજૂરીનાં હુકમો કરવામાં આવેલ હતા. જેમાં વંચાણે લીધા ક્રમાંક (૨) થી પસ્તુત યોજનાના ધારા ધોરણમાં ફેરફાર કરવામાં આવેલ હતો. વંચાણે લીધા ક્રમાંક (3) થી સહાય ૧૦૦૦/- થી વધારી ૩૦૦૦/- કરાયેલ છે. વંચાણે લીધા ક્રમાંક (૪) થી પાલક માતા પિતા યોજનાના ધારા ધોરણમાં સુધારો કરી ૦ થી ૧૮ વર્ષની ઉંમરના બાળકોના માતા-પિતા પૈકી પિતા મૃત્યુ પામેલ હોય અને માતાએ પુન:લગ્ન કરેલ હોય તેવા બાળકોને પણ આ યોજનાનો લાભ આપવાનું ઠરાવેલ છે. વંચાણે લીધા ક્રમાંક (૫) થી પાલક માતા પિતા યોજનાના ધારા ધોરણમાં ફેરફાર કરીને આ યોજનાનો લાભ ૦ થી ૧૮ વર્ષની ઉંમરના બાળકોના માતા-પિતા પૈકી માતા મૃત્યુ પામેલ હોય અને પિતાએ પુન:લગ્ન કરેલ હોય તેવાં કિસ્સામાં બાળક તેનાં પિતા સાથે ન રહેતું હોય અને સગા-સંબંધી પાસે રહેતું હોય તો તેવા સંજોગોમાં પણ બાળકોને આ યોજનાનો લાભ પ્રાપ્ત થાય તે ઉદ્દેશથી કુલ રૂ.૩૬૦ લાખની જોગવાઇનો વર્ષ ૨૦૨૩-૨૪ નાં અંદાજપત્રમાં સમાવેશ કરવાની નવી બાબતની દરખાસ્ત રજૂ કરેલ હતી. તથા વંચાણે લીધા ક્રમાંક (૬) થી નિયામકશ્રી. સમાજ સુરક્ષાની સદરહુ નવી બાબતની વહીવટી મંજૂરી આપવાની દરખાસ્ત સકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:-</u>

પુખ્ત વિચારણાને અંતે પાલક માતા-પિતા યોજનામાં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

"૦ થી ૧૮ વર્ષની ઉંમરના બાળકોના માતા-પિતા પૈકી માતા મૃત્યુ પામેલ હોય અને પિતાએ પુન:લગ્ન કરેલ હોય તેવાં કિસ્સામાં બાળક તેનાં પિતા સાથે ન રહેતું હોય અને સગા-સંબંધી પાસે રહેતું હોય તો તેવા બાળકોને પણ આ યોજનાનો લાભ આપવાનો રહેશે."

પાલક માતા-પિતા યોજનામાં ઉક્ત સુધારો કરતા સદરહુ યોજનાના સહાયનો લાભ આપવા અંગેની કુલ રૂ.૩૬૦.૦૦ લાખ (અંકે રૂપિયા ત્રણ સો સાઇઠ લાખ પુરા)ની વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં સામેલ ઉક્ત બાબતને નીચે મુજબની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

<u>શરતો</u>:

(૧) આ યોજનાનો સમયગાળો પાંચ વર્ષનો રહેશે.

(૨) આ યોજનાના લાભાર્થી ૧૦ વર્ષથી મોટી ઉંમરના બાળકના કેસમાં, બાળકના નામનુ અલગ બેંક ખાતુ ખોલાવીને તે ખાતામાં જ ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર(DBT)થી માસિક સહાયની રકમ જમા કરવામાં આવશે, જ્યારે ૧૦ વર્ષ કે તેથી નાની ઉંમરના બાળકના કેસમાં, અનાથ બાળકના ઉછેરની જવાબદારી જે વ્યકિતએ ઉપાડી હોય તે વ્યકિતના પોતાના એકલાના નામે જ બેંક ખાતું (Bank A/C in Singal name)ખોલવીને તે ખાતામાં ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર(DBT)થી માસિક સહાયની રકમ જમા કરવામાં આવશે. ૧૦ વર્ષ કે તેથી નાની ઉંમરનુ બાળક જ્યારે ૧૦ વર્ષથી વધુ ઉંમરનુ થાય ત્યારે તે બાળકના નામનું અલગ બેંક ખાતુ ખોલાવીને તે ખાતામાં માસિક સહાયની રકમ ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર (DBT)થી જમા કરવામાં આવશે.

(3) આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઇની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઇપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનુ આયોજન કરવાની તકેદારી નિયામકશ્રી(સ.સુ.)ની રહેશે.

(૪) પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.

(૫) ઓનલાઇન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.

File No: SJED/NIR/e-file/17/2023/0160/CHH Section
Approved By: Sunaina Tomar(ACS,Secretary Office,SJED)
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

Scanned with OKEN Scanner

(૬) સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પધ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના વાંધા પ્રમાણ પત્ર (No Objection Certificate) મેળવ્યા પછીજ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.સાધન/ કીટની ગુણવતા સુનિશ્રિત કરવાની રહેશે.

(૭) નાણાકિય સહાય નિયત કરેલ સમયાંતરેDBT પધ્ધતિથી જ આપવાની રહેશે.

(૮) આ યોજનાને DBT Portal ઉપર ફરજીયાત નોંધવાની રહેશે.

(૯) C.M Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.

(૧૦) યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

(૧૧) Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવીને તેનો રિપોર્ટ સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.

(૧૨) યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૧૩) કેન્દ્ર સહાયિત યોજનામાં ફંડ કેન્દ્ર સરકાર ફાળવે તે મુજબ જ યોજનાકીય લાભ લાભાર્થીને આપવાનો રહેશે.

(૧૪) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૧૫) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૧૬) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૧૭) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૧૮) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૯) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૨૦) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨૧) સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

(૨૨) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારશ્રીના આદેશો મેળવી લેવાના રહેશે.

(૨૩) આ અંગેનો ખર્ચ માંગણી નં.૯૨ મુ.સ ૨૨૩૫- ૦૨-૧૦૨-૦૧-૦૦ બજેટ હેડ હેઠળ પાડવાનો રહેશે.

આ હુકમો સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૫/૪/૨૦૨૩ની તથા માન. મંત્રીશ્રીની તા.૦૨/૦૫/૨૦૨૩ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

JPatel 8/5/23

(જયદીપ પટેલ)

સેકશન અધિકારી,

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અ.મુ.સશ્રી(સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અ.મુ.સ.શ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(આ.બા.),નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી,(ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં.૧૬. ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- નિવાસ ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી, છ-૧ શાખા/ બજેટ શાખા તથા કો.સેલ શાખા(વિભાગની વેબસાઇટમાં છ શાખાના ઠરાવોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઇલ

File No: SJED/NIR/e-file/17/2023/0160/CHH Section

Approved By: Sunaina Tomar(ACS,Secretary Office,SJED)

*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

Scanned with OKEN Scanner

પાલક માતા-પિતા યોજનાના લાભ માટે રજૂ કરવાના થતાં આવકના પ્રમાણપત્ર બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

ઠરાવ ક્રમાંક: જજઅ/૧૦/૨૦૧૮/૨૪૯૭૧/છ

સચિવાલય, ગાંધીનગર.

તા.૦૪/૧૨/૨૦૨૦.

વંચાણમાં લીધા:

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંક: અનથ/૧૦૨૦૦૮/ન.બા.૦૧/છ, તા.૧૮/૧૨/૨૦૦૯.

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો ઠરાવ ક્રમાંક: જજઅ/૧૦૨૦૧૩/૭૪૧૬૦૦/ન.બા.૨/છ, તા.૩૧/૦૭/૨૦૧૪.

(૩) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના પરીપત્ર ક્રમાંક:આઇટીપી/૧૦૨૦૧૯/૧૮૮૧૦૨/આઇટી, તા.૧૬/૧૦/૨૦૧૯.

(૪) નિયામકશ્રી, સમાજ સુરક્ષાનો પત્ર ક્રમાંક: સસુખા/CPD/૨૦૨૦-૨૧/૨૫૬૬, તા.૨૪/૧૧/૨૦૨૦.

**આમુખ :-**

સંસ્થાકીય વાતાવરણને બદલે કૌટુંબિક વાતાવરણમાં અનાથ બાળકોના ઉછેરથી તેઓનો સહજતાથી સ્વસ્થ અને સંતુલિત વિકાસ કરવાનાં હેતુથી પાલક માતા-પિતા યોજના સમગ્ર રાજ્યમાં શરૂ કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૧) અને (૨) થી પાલક માતા-પિતા યોજનાનો લાભ મેળવવા માતા-પિતાની વાર્ષિક આવકનો મામલતદારશ્રીનો દાખલો રજૂ કરવા માટેની શરત રાખવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક: (૩) થી સરકારશ્રી દ્વારા ગ્રામ કક્ષાએ ઈ-ગ્રામ વિશ્વ ગ્રામ કેન્દ્રો મારફત "આવકનું પ્રમાણપત્ર" ગ્રામ કક્ષાએથી આપવા માટેની સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે. જે પ્રમાણે ગ્રામ કક્ષાએ તલાટી-કમ મંત્રીશ્રી

Scanned with OKEN Scanner

રૂ.૫,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ લાખ પુરા)ની આવક મર્યાદા સુધી આવકનું પ્રમાણપત્ર આપી શકશે તથા આ આવકનું પ્રમાણપત્ર ૧(એક) વર્ષ સુધી માન્ય રહેશે.

નિયામકશ્રી, સમાજ સુરક્ષાની વંચાણે લીધેલ ક્રમાંક: (૪) મુજબની પાલક માતા-પિતા યોજનાનો લાભ મેળવવા માટે તલાટી-કમ-મંત્રીશ્રી/તાલુકા વિકાસ અધિકારીશ્રી/માલતદારશ્રી દ્વારા પ્રમાણિત "આવકનું પ્રમાણપત્ર" માન્ય ગણવા માટેની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

કાળજીપૂર્વકની વિચારણાને અંતે પાલક માતા-પિતા યોજનાના લાભ મેળવવા માટે સરકારશ્રી દ્વારા પાલક માતા-પિતા યોજના માટે, વખતો વખત નક્કી કરેલ આવક મર્યાદાથી વધારે આવક હોવાનો તલાટી-કમ-મંત્રીશ્રી/તાલુકા વિકાસ અધિકારીશ્રી/મામલતદારશ્રી દ્વારા પ્રમાણિત આવકનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

patelDC

(ડી. સી. પટેલ)
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, સા.ન્યા.અને અધિ. વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી, (સા.ન્યા.), નાણાં વિભાગ, સચિવાલય ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, બ્લોક નં.૧૯, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સૌસાયટી, બ્લોક નં. ૧૯/૩, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, (એ.એન્ડ ઈ.),અમદાવાદ.

Scanned with OKEN Scanner

પાલક માતા-પિતા યોજનાના ધારા-ધોરણમાં સુધારો કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ જજઅ/૧૦૨૦૧૬/૭૦૩૪૨૧/ન.બા./છ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૦૩.૦૫.૨૦૧૭.

વંચાણમાં લીધા:

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંકઃ અનથ/૧૦૨૦૦૮/ન.બા.૦૧/છ, તા.૨૯.૦૮.૨૦૦૯.

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો ઠરાવ ક્રમાંકઃ અનથ/૧૦૨૦૦૮/ન.બા.૦૧/છ, તા.૧૮.૧૨.૨૦૦૯.

(૩) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો ઠરાવ ક્રમાંકઃ જજઅ/૧૦૨૦૧૩/૭૪૧૬૦૦/ન.બા.૦૨/છ, તા.૩૧.૦૭.૨૦૧૪.

(૪) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો ઠરાવ ક્રમાંકઃ જજઅ/૧૦૨૦૧૫/૮૪૧૫૦૫/ન.બા.૦૭/છ, તા.૨૯.૦૪.૨૦૧૬.

(૫) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો પત્ર ક્રમાંકઃ સસુખા/યજન/૨૦૧૬-૧૭/૭૧૦૬, તા.૧૯.૧૧.૨૦૧૬.

(૬) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો પત્ર ક્રમાંકઃ સસુખા/સંકલન/૨૦૧૭-૧૮/૧૨૨૭, તા.૧૩.૦૪.૨૦૧૭.

આમુખ :-

બાળકોના સ્વસ્થ અને સંતુલિત વિકાસ માટે કુટુંબ જેવો અન્ય કોઈ વિકલ્પ નથી છતાં કેટલાક વિપરીત સંજોગોને કારણે અનાથ નિરાધાર બનેલાં બાળકો માટે તેમના નૈસર્ગિક કુટુંબમાં તેમનો ઉછેર શક્ય બનતો નથી, આથી વિકલ્પે તેમનો ઉછેર બાળકો માટેની સંસ્થાઓમાં થતો હોય છે. સંસ્થાકીય ઉછેર બાળક માટે માત્ર



Scanned with OKEN Scanner

છેવટનો ઉપાય ગણી શકાય. આથી આવાં નિરાધાર અનાથ બાળકોને સંસ્થાકીય વાતાવરણમાં રાખી ઉછેરવાની જગ્યાએ તેઓને વૈકલ્પિક કુટુંબમાં રાખી પ્રાકૃતિક વાતવરણમાં ઉછેર કરવાથી તેઓનો સ્વસ્થ અને સંતુલિત વિકાસ થઇ શકે તે દ્રષ્ટીએ પાલક માતા-પિતાની યોજનાનો સરકારશ્રીએ ૧૯૭૮થી અમલ શરૂ કરેલ છે.

સંસ્થાકીય વાતાવરણને બદલે કૌટુંબિક વાતાવરણમાં અનાથ બાળકોના ઉછેરથી તેઓનો સહજતાથી સ્વસ્થ અને સંતુલિત વિકાસ કરવાનાં હેતુ થી પાલક માતા-પિતાની યોજના સમગ્ર રાજ્યમાં શરૂ કરાયેલ. વંચાણે લીધેલ ક્રમાંક (૧) અને (૨) થી પાલક માતા-પિતા યોજના સમગ્ર રાજ્યમાં અમલીકૃત બની છે. વંચાણે લીધેલ (૪) થી પાલક માતા-પિતા યોજના અંતર્ગત સહાયનો દર રૂ.૧,000/- થી વધારી રૂ.૩,000/- કરવામાં આવેલ છે. તદઉપરાંત જો બાળકના પિતા મૃત્યુ પામેલ હોય અને માતાએ પુનઃલગ્ન કરેલ હોય તેવા બાળકોને આ યોજનાનો લાભ પ્રાપ્ત થતો ન હતો. જેથી આવા બાળકો આ યોજનાથી વંચિત રહી જતાં હતા. આવા બાળકો પણ આ યોજનાનો લાભ લઈ શકે તે હેતુસર જે બાળકના પિતા મૃત્યુ પામેલ હોય અને માતાએ પુનઃલગ્ન કરેલ હોય તેવા સંજોગોમાં પણ બાળકોને આ યોજનાનો લાભ પ્રાપ્ત થાય તે ઉદ્દેશથી કુલ રૂ.૭૨.00 લાખની જોગવાઈનો વર્ષ ૨૦૧૭-૧૮નાં અંદાજપત્રમાં સમાવેશ કરવાની તથા સદરહુ નવી બાબતની વહીવટી મંજૂરી આપવાની વંચાણે લીધેલા ક્રમાંકઃ (૬)ની નિયામકશ્રી, સમાજ સુરક્ષાની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**<u>ઠરાવઃ</u>**

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતા, ગાંધીનગર ના વંચાણે લીધેલા ક્રમાંકઃ (૫) અને (૬) થી કરવામાં આવેલ દરખાસ્તના અનુસંધાને અનાથ બાળકો માટેની પાલક માતા-પિતા યોજનામાં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

૧) 0 થી ૧૮ વર્ષની ઉંમરના બાળકોના માતા-પિતા પૈકી પિતા મૃત્યુ પામેલ હોય અને માતાએ પુનઃલગ્ન કરેલ હોય તેવા બાળકોને પણ આ યોજનાનો લાભ આપવાનો રહેશે.

Scanned with OKEN Scanner

બાળકો માટેની પાલક માતા-પિતા યોજનામાં ઉક્ત સુધારો કરતા પાલક માતા-પિતા યોજનાના માપદંડ બદલી સહાયનો લાભ આપવા અંગેની કુલ રૂ.૭૨.૦૦ લાખ(રૂપિયા બોત્તેર લાખ)ની જોગવાઈ મંજૂર થયેલ હોઈ નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરને રૂ.૭૨.૦૦ લાખ(રૂપિયા બોત્તેર લાખ)નો ખર્ચ કરવાની નીચે જણાવેલ શરતોને અધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

<u>શરતો</u>:-

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૧૭-૧૮ની અંદાજપત્રીય જોગવાઈને અધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રવર્તમાન નિયમોને અધીન ચાલુ અને જરૂરીયાત પ્રમાણે આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી નં.૯૨, મુ.સ.-૨૨૩૫-૦૨-૧૦૨-૦૧ બજેટ હેડ હેઠળ પાડવાનો રહેશે.



Scanned with OKEN Scanner

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૨૧/૦૪/૨૦૧૭ની નોંધથી મળેલ સંમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( જી. બી. વણઝારા )
સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

- મા.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ, બ્લોક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાણાંકીય સલાહકારશ્રી (સા.ન્યા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, બ્લોક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (કરકસર), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, (એ.એન્ડ ઈ.),અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- સર્વે કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ. (મારફતે: નિયામકશ્રી, સમાજ સુરક્ષા)
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ. (મારફતે: નિયામકશ્રી, સમાજ સુરક્ષા)
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતે: નિયામકશ્રી, સમાજ સુરક્ષા)
- છ-૧ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ - વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતી સહ.
- સિલેક્ટ ફાઈલ.

Scanned with OKEN Scanner

- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, બ્લોક નં.૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- ચીફ એક્ઝિક્યુટીવ ઓફિસરશ્રી, ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટી, બ્લોક નં. ૧૯/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, (એ.એન્ડ ઈ.),અમદાવાદ.
- નાયબ સચિવશ્રી, ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે કલેક્ટરશ્રીઓ. (મારફતે: નિયામકશ્રી, સમાજ સુરક્ષા)
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી. (મારફતે: નિયામકશ્રી, સમાજ સુરક્ષા)
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતે: નિયામકશ્રી, સમાજ સુરક્ષા)
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ - વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતીસહ.
- સિલેક્ટ ફાઈલ.

Scanned with OKEN Scanner

Letter No: DSD/0288/07/2023 Dt: 19-07-2023

પાલક માતા પિતા યોજનામાં એફિડેવિટની પ્રક્રિયા રદ કરીને
સ્વઘોષણા (**Self-Declaration**) ની પ્રક્રિયા અમલમાં મુકવા બાબત

**વંચાણમાં: (૧)** ગુજરાત સરકારના સામાન્ય વહિવટ વિભાગના ઠરાવ ક્રમાંક: વહસ/૧૦૨૦૨૧/૪૩૫/વસુતાપ્ર-૨, તા.૨૫/૧૨/૨૦૨૧.

**વંચાણમાં: (૨)** નિયામક સમાજ સુરક્ષા, ગાંધીનગરનો પરિપત્ર ક્રમાંક સસુખા/સીપીડી/PMPY/૨૦૨૨-૨૩, તા.૨૪/૦૩/૨૦૨૩.

**ગુજરાત સરકાર**
**સમાજ સુરક્ષા**
**પરિપત્ર**

સામાન્ય વહિવટ વિભાગના વંચાણ (૧) માં દર્શાવેલ ઠરાવ અનૂવયે નિયામકશ્રી , સમાજ સુરક્ષાના વંચાણ (૨) માં દર્શાવેલ પરિપત્રથી પાલક માતા-પિતા યોજનામાં એફિડેવિટની પ્રક્રિયા રદ કરીને સ્વઘોષણા (Self-Declaration) ની પ્રક્રિયા અમલમાં મુકવા બાબતે નિયત પત્રકો રજુ કરેલ હતાં. પરંતુ નાણાકિય વર્ષ ૨૦૨૩-૨૪માં બજેટમાં નવી બાબત મંજુર થતા પાલક માતા-પિતા યોજનાના ધારા-ધોરણમાં સુધારો થયેલ હોઇ પાલક માતા-પિતા યોજનાના અરજીપત્રક સાથે સામેલ રાખેલ પરિશિષ્ટ – અ મુજબનું સ્વઘોષણા (Self-Declaration) લેવાનું રહેશે તથા અગાઉ વંચાણ (૨)ના પરિપત્રથી નિયત કરેલ પરિશિષ્ટ – અ તથા પરિશિષ્ટ – બ રદ કરવામાં આવે છે.

**નિયામક**
**સમાજ સુરક્ષા**
**ગુજરાત રાજ્ય, ગાંધીનગર**

બિડાણ :- અરજીપત્રક અને પરિશિષ્ટ – અ

**પ્રતિ,**

**(૧) જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, તમામ**

**(૨) જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રી, તમામ**

Signature valid
Signed by:VIKRAMSINH JADAV GAS
Director
Date: 2023.07.19 22:15:23 +05:30

File No: DSD/PMY/e-file/226/2023/0801/Children Protection Branch
Approved By: VIKRAMSINH JADAV GAS(Director,Director,DSD)
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

Scanned with OKEN Scanner

Letter No: DSD/0288/07/2023 Dt: 19-07-2023

## પરિશિષ્ટ - અ

## પાલક માતા પિતા યોજના અંતર્ગત સ્વ-ઘોષણા (Self-Declaration) નો નમૂનો

આથી હું નીચે સહી કરનાર (પુરૂનામ) શ્રી .................................................................. ઉં.વર્ષ. .......... રહે ...................................... તા. ............................ જિ. .................... ના રહેવાસી જાહેર કરૂ છું કે બાળક શ્રી .............................................................. ઉં.વર્ષ. .......... ના પિતા/માતાનું તારીખ ....................... ના રોજ મરણ થયેલ છે. તેની પિતા/માતાએ શ્રી ............................................................. રહે .................................. તા. ............................ જિ. .................... સાથે પુન:લગ્ન કરેલ છે અને પોતાના બાળકને સાથે લઈ ગયેલ નથી. આ બાળક શ્રી ............................................................ ઉં.વર્ષ ............ હાલ અમારી સાથે રહે છે અને તેની સઘળી જવાબદારી અમોએ સ્વીકારેલ છે. પાલક માતા પિતા યોજનાનો લાભ મેળવવા મારા દ્વારા આપવામાં આવેલ આ માહિતી અને અરજી અનુસંધાને જોડેલ દસ્તાવેજ મારી જાણ અને માન્યતા મુજબ સાચા છે અને તેમાં કોઈ બાબત છુપાવેલ નથી. હું જાણું છું કે, ખોટી માહિતી કે દસ્તાવેજ રજુ કરવા એ કાયદા હેઠળ શિક્ષાને પાત્ર છે અને આવા સંજોગોમાં ખોટી માહિતી કે દસ્તાવેજના આધારે મને મળેલ લાભ રદ થવા પાત્ર છે.

અરજદારની સહી ................................................

પુરૂ નામ ..............................................................

આધારકાર્ડ/ઓળખનો પુરાવા નંબર .......................

Signature valid
Signed by:VIKRAMSINH JADAV
GAS
Director
Date: 2023.07.19 22:15:23
+05:30



Scanned with OKEN Scanner

ધોરણ-૧૦માં નાપાસ થયેલ પાલક માતા-પિતા યોજનાના લાભાર્થીઓને પાલક માતા-પિતા યોજનાનો લાભ આપવા બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

ઠરાવ ક્રમાંક: જજઅ/૧૦/૨૦૧૮/૨૪૯૯૭૧/છ

સચિવાલય, ગાંધીનગર.

તા.૧૮/૦૬/૨૦૧૮.

વંચાણમાં લીધા:

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંક: અનથ/૧૦૨૦૦૮/ન.બા.૦૧/છ, તા.૧૮/૧૨/૨૦૦૯.

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો ઠરાવ ક્રમાંક: જજઅ/૧૦૨૦૧૩/૭૪૧૬૦૦/ન.બા.૨/છ, તા.૩૧/૦૭/૨૦૧૪.

(૩) નિયામકશ્રી, સમાજ સુરક્ષાનો પત્ર ક્રમાંક: સસુખા/CPD/૨૦૧૮-૧૯/૮૮૬, તા.૨૧/૦૪/૨૦૧૮.

**આમુખ :-**

અનાથ બાળકોને સંસ્થાકીય વાતાવરણને બદલે કૌટુંબિક વાતાવરણમાં રાખી ઉછેર કરી તેઓનો સહજતાથી સ્વસ્થ અને સંતુલિત વિકાસ કરવાનાં હેતુથી પાલક માતા-પિતા યોજના સમગ્ર રાજ્યમાં શરૂ કરવામાં આવેલ. વંચાણે લીધેલ ક્રમાંક (૧)થી પાલક માતા-પિતા યોજના સમગ્ર રાજ્યમાં અમલીકૃત બની છે તથા વંચાણે લીધેલ ક્રમાંક (૨) થી ગુજરાતમાં વસતા ૦ થી ૧૮ વર્ષની ઉંમરના તમામ અનાથ બાળકો કે જેના માતા-પિતા હયાત નથી તેવા બાળકોને આ યોજના અંતર્ગત લાભ મળવાપાત્ર થાય છે. પરંતુ ધોરણ-૧૦માં નાપાસ થયેલ રીપીટર વિદ્યાર્થીઓ કે જેઓ ધોરણ-૧૦ની પરીક્ષાની તૈયારી કરતાં હોય પરંતુ શાળાએ જતાં ન હોવાના કારણે તેઓને શાળા દ્વારા અભ્યાસ કરતાં હોવાનું પ્રમાણપત્ર આપવામાં આવતું ન હતું. જેથી ઘરેથી આપમેળે તૈયારી કરી ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષા આપતાં આવા વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ આપવો કે નહી તે બાબતે સ્પષ્ટતાઓ થવી જરૂરી હતી, જે ધ્યાને લઇ નિયામકશ્રી,,સમાજ સુરક્ષા કચેરીની

Scanned with OKEN Scanner

વંચાણે લીધેલ ક્રમાંક (૩)થી કરવામા આવેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

કાળજીપૂર્વકની વિચારણાને અંતે સરકારશ્રીએ નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતા દ્વારા અમલીકૃત અનાથ બાળકો માટેની પાલક માતા-પિતા યોજના હેઠળ ધોરણ-૧૦માં નાપાસ થયેલ હોય તેવા શાળાએ ન જતાં ઘરેથી આપમેળે તૈયારી કરી ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષા આપતાં રીપીટર વિદ્યાર્થીઓ દ્વારા જો બોર્ડની પરીક્ષાનું ફોર્મ ભરેલ હોય અને તે મતલબનું શાળાના આચાર્યનું પ્રમાણપત્ર રજૂ કરે તો આવા ૧૮(અઢાર) વર્ષ સુધીના રીપીટર વિદ્યાર્થીઓને પાલક માતા-પિતા યોજનોનો લાભ મળવવા પાત્ર થશે.

ધોરણ-૧૦માં નાપાસ થયેલા આ યોજનાના લાભાર્થી રીપીટર વિદ્યાર્થીઓની સંખ્યા ખૂબ વધારે ન હોવાથી આવા લાભાર્થીઓ માટે થનાર વધારાના ખર્ચનો પાલક માતા-પિતા યોજનાના એકદંર બજેટ જોગવાઇમાં સમાવેશ કરી લેવાની શરતે આ મંજૂરી આપવામાં આવે છે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૧૦/૦૬/૨૦૧૮ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જી. બી. વણઝારા)
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, સા.ન્યા.અને અધિ. વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી, (સા.ન્યા.), નાણાં વિભાગ, સચિવાલય ગાંધીનગર.

Scanned with OKEN Scanner